ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૩૯/૧૮-૧૯/ 71 તારીખ : 5 JA 2019

પ્રતિ,
શ્રી મોહનભાઈ સુખાભાઈ દલવાડી,
ઠે. બારભાઈયા શેરી, સતવારા સોસાયટી,
હરણકુઈ, બોટાદ,
તા.બોટાદ – ૩૬૪ ૭૧૦.
મો.નં.૯૯૦૪૭ ૫૦૭૧૪

RPAD

કેસ નં.૧૩૯/૧૮-૧૯

**વિષય : ખેતીવાડી વીજ કનેકશનનો ખોટી રીતે BMC ચાર્જ વસુલ કરવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૩/૧૧/૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૯/૧૮-૧૯/૫૨૩૯ તા.૧૯/૧૧/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૩૯/૧૮-૧૯/૫૫૩૧ તા.૧૧/૧૨/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૧/૧૨/૨૦૧૮** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ– ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**

*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ–**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **શહેર–૨ બોટાદ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૩૯/૧૮–૧૯** ☜

વાદી :– મોહનભાઈ સુખાભાઈ દલવાડી

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૨૧.૧૨.૨૦૧૮** ◈

હાજર રહયા :– શ્રી કાનજીભાઈ મોહનભાઈ દલવાડી – (વાદીનાં પુત્ર)

પ્રતિવાદી :– શ્રી ડી.એસ. શિયાનીયા – નાયબ ઇજનેર - વી.કચેરી –બોટાદ.

(પશ્ચિમ ગુજરાત વીજ.કંપની લિમીટેડ વતી)

મોહનભાઈ સુખાભાઈ દલવાડી, મુ.બોટાદ, તા.જી.બોટાદની ખેતીવાડી વીજ કનેકશનનો ખોટી રીતે BMC ચાર્જ વસુલ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૩૯/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૩૯/૧૮–૧૯/૫૨૩૯ તા.૧૯.૧૧.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૧.૧૨.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી વતી તેમના પુત્ર શ્રી કાનજીભાઈ મોહનભાઈ દલવાડી હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી ડી.એસ. શિયાનીયા – નાયબ ઇજનેર - વી.કચેરી –બોટાદ ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ સદર વીજજોડાણમાં લગાવેલ મીટરનો ડીસ્પ્લે ઓફ થઈ ગયેલ માહે ડીસેમ્બર–૨૦૧૭ માં અમોને "F" નું એવરેજ બીલ આપવામાં આવેલ, જે અમારા દવારા ભરપાઈ કરેલ છે.

૧.૨ મીટરનો ડીસ્પ્લે ઓફ થઈ ગયેલ હોવાથી તા.૧૭/૦૧/૧૮ ના રોજ સદર મીટર બદલવામાં આવેલ છે.

૧.૩ સદર મીટરનું તા.૨૮/૦૨/૧૮ ના રોજ લેબ ટેસ્ટ કરવામાં આવેલ, જેમાં સદર મીટર બીજી તમામ રીતે બરાબર છે પરંતુ મીટરનો ડીસ્પ્લે ઓફ થઈ ગયેલ હોય ફકત એવરેજ બીલ ભરપાઈ કરવાનું રહેશે, એમ જણાવેલ.

૧.૪ પરંતુ માહી સપ્ટેમ્બર–૨૦૧૮ માં અમારા વીજજોડાણના બીલ પેટે રૂા.૨૨૭૫/– બાકી રહેલા છે અને તાત્કાલીક ભરપાઈ કરવા માટે અમોને મોબાઈલ ફોન પર જણાવેલ.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૧.૫ તા.૨૮/૦૨/૧૮ ના રોજ લેબ ચકાસણી સમયે અમોને સદર મીટરનો ડીસ્પ્લે ઓફ થઈ ગયેલ હોય બીજા કોઈપણ નાણા ભરપાઈ કરવાના નથી તેમ જણાવેલ. જેથી અમોને સ્થળ પર મીટર ચકાસણી અહેવાલ આપવામાં આવેલ નહી તેમજ મીટરનો કોઈપણ પ્રકારનો અહેવાલ લખ્યા વગર જ અમારી સહી કરાવવામાં આવેલ. આમ, સદર મીટર ચકાસણી સમયે અમારી હાજરીમાં માત્ર ડીસ્પ્લે ઓફ જણાવેલ હતું તેમ છતાં પાછળથી સદર મીટરને અમારી જાણ બહાર BMC જારેલ કરેલ છે અને જે અંગેની અમોને કોઈપણ પ્રકારની જાણ કરવામાં આવેલ નથી કે કોઈપણ પ્રકારનું વધારાનું બીલ આપવામાં આવેલ નથી.

૧.૬ તા.૦૨/૧૧/૧૮ ના રોજ સદર બાબતે અમારા દવારા બોટાદ શહેર–૨ પેટા વિભાગીય કચેરી ખાતેથી લેબ રીપોર્ટની ઝેરોક્ષ મેળવીને સદર લેબ રીપોર્ટ તપાસતાં જાણવા મળેલ છે કે સદર લેબ રીપોર્ટમાં મીટર તમામ રીતે બરાબર છે માત્ર મીટરનો ડીસ્પ્લે બંધ છે તેમ જણાવેલ છે તેમ છતાં BMC લખેલ છે.

૧.૭ અમારૂ સદર ખેતીવાડી કનેકશન ૭.૫ હો.પા.નું હોય અમો દવારા કયારેય ગેરકાયદેસર રીતે વપરાશ કરેલ નથી તેમજ અમારા બોરમાં નિયમ અનુસારની જ મોટર વાપરતા હોય તો પછી અમારૂ મીટર કેવી રીતે બળી શકે?

૧.૮ સદર લેબ રીપોર્ટમાં મીટર કયાં કારણોસર (BMC)બળી ગયેલ છે તે પણ જણાવેલ નથી.

૧.૯ આમ, અમારા ખેતીવાડી કનેકશનના મીટરનો માત્ર ડીસ્પ્લે બંધ થઈ ગયેલ હોય, બાકી તમામ રીતે મીટર બરાબર હોવા છતાં અમારી જાણ બહાર સદર મીટરને ખોટી રીતે BMC જાહેર કરીને અમારા ખાતે BMC ચાર્જ ચડાવવામાં આવેલ છે જે તદન ખોટું છે. આથી આપ સાહેબ અમારી ઉપરોકત હકીકત ધ્યાને લઈને અમારા ખાતે ખોટી રીતે ચડવવામાં આવેલ BMC ચાર્જ રદ કરવાનો હુકમ કરવા નમ્ર વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ ગ્રાહક શ્રી મોહનભાઈ સુખાભાઈ દલવાડી, બોટાદ શહેર–૨ પેટા વિભાગીય કચેરી હેઠળ આવેલ સેથળી રોડ, બોટાદ ખાતે ગ્રાહક નં.૮૫૮૦૬/૦૧૩૬૬/૯ થી ૭.૫ હો.પા.નું ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે.

૨.૨ સદર કનેકશનના મીટર રીડીગ સમયે મીટર ડીસ્પ્લે ઓફ હોવાથી માહે સપ્ટેમ્બર–ઓકટોબર–૨૦૧૭ માં બીલમાં "F" કરી બીલ એવરેજ બીલ આપવામાં આવેલ.

૨.૩ સદર મીટરમાં "F" હોવાથી તા.૧૭/૦૧/૧૮ ના રોજ સદર મીટર ચેકીગ શીટ નં.૨૮૩૨૪ મુજબ બદલાવવામાં આવેલ અને જુના મીટરને વધુ લેબ ચકાસણી માટે પેપરપેક કરવામાં આવેલ. જે પેપરપેક મીટરની લેબ ચકાસી સમયે લેબમાં હાજર રહેવા તા.૦૯/૦૨/૧૮ ના રોજ લેબ નોટીસ આપવામાં આવેલ.

૨.૪ તા.૨૮/૦૨/૧૮ નારોજ લેબ શીટ નંબર ૮૬૦ મુજબ સદર મીટરનો લેબોરેટરીમાં ટેસ્ટ કરવામાં આવેલ અને લેબ ચકાસણી સમયે મીટરનો ટર્મીનલ બ્લોક બરાબર અને મીટર આંતરીક ભાગે બળેલ માલુમ પડેલ. વધુમાં મીટરને A/C સપ્લાય આપી ચેક કરતાં ડીસ્પ્લે બંધ માલુમ પડેલ તેમજ બેટરી મોડ ઉપર પણ ડીસ્પ્લે બંધ માલુમ પડેલ. જેથી મીટરના પેરામીટર જાણી શકાયેલ નથી અને ડીસ્પ્લે બંધ હોવાથી મીટરનો ટેસ્ટ લઈ શકાયેલ નથી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૫ આમ લેબ ચકાસણી દરમ્યાન મીટર આંતરીક ભાગે બળેલ માલુમ પડેલ હોવાથી ગ્રાહકના ખાતામાં તા.૧૦/૦૯/૨૦૧૮ ના રોજ BMC ચાર્જ રૂ.૨૨૭૫/- ઉધારવામાં આવેલ.

☞ **<u>ફોરમનું તારણ</u>** :- વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર કાનજીભાઈ મોહનભાઈ તેના પિતા મોહનભાઈ સુખાભાઈ દલવાડીના નામનું ૭.૫ હો.પા.નું ગ્રાહક નં.૮૫૮૦૬/૦૧૩૬૬/૯ થી ગામ બોટાદમાં ખેતીવાડી વીજજોડાણ ધરાવે છે.

૩.૨ વાદીનાં માસિક વીજ વપરાશના સપ્ટે-ઓકટો.-'૧૭ માં રીડીંગ લેતા સમયે મીટરનો ડીસ્પ્લે બંધ હોવાથી વાદીને એવરેજ વપરાશનું વીજબીલ આપવામાં આવેલ.

૩.૩ વાદીના વીજ સ્થાપનનું મીટર ડીસ્પ્લે બંધ હોવાથી પ્રતિવાદી દવારા તા.૧૭/૦૧/૧૮ ના રોજ સ્થળ પર ચેકીંગ શીટ નં.૨૮૩૨૪ ભરી તા.૧૭/૦૧/૧૮ ના રોજ મીટર બદલાવી નવું મીટર મુકવામાં આવેલ અને જુના મીટરને પેપર પેક કરી, લેબમાં વધુ પરીક્ષણ માટે કબજે કરેલ.

૩.૪ તા.૨૮/૦૨/૧૮ ના રોજ વાદીની હાજરીમાં મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં વાદીનું મીટરનું પરીક્ષણ કરવામાં આવેલ. પરીક્ષણ દરમ્યાન વાદીના મીટરમાં લગાડેલ ટર્મીનલ કવરના સીલ તેમજ બોડી સીલ તેમજ મેટલ મીટર બોક્ષનું કાઢેલ સીલ બરાબર માલુમ પડેલ, મીટરનું ટર્મીનલ બ્લોક બરોબર માલુમ પડેલ તેમજ મીટર પરીક્ષણના રીપોર્ટમાં વધુમાં બતાવેલ છે કે " બહારથી જોતા મીટર આંતરીક બળેલ દેખાય છે. મીટરને A/C સપ્લાય આપી ચેક કરતાં ડીસ્પ્લે બંધ છે, બેટરી મોડ પણ બંધ છે."

૩.૫ ચેકીંગ શીટ નં.૨૮૩૨૪ તા.૧૭/૦૧/૧૮ માં મીટર બદલતી વખતે પ્રતિવાદીનાં પ્રતિનીધી વાદીનું વીજસ્થાપન પર જોડેલ લોડ ૭.૫ હો.પા. બતાવેલ છે, જે વાદીનો કરારીત લોડ મુજબ છે.

૩.૬ લેબ પરીક્ષણના રીપોર્ટ પરથી પ્રતિવાદીએ વાદીને બળેલ મીટરનો ચાર્જ પેટે રૂ.૨૨૭૫/- ભરવા જણાવેલ, જે તેના વીજબીલના એકાઉન્ટમાં ડેબીટ કરવામાં આવેલ.

૩.૭ પ્રતિવાદીએ થ્રી ફેઈઝ બળેલ મીટરના ચાર્જ પેટે રૂ.૨૨૭૫/- ઉધારેલ છે.

૩.૮ સપ્લાય કોડના નોટીફીકેશન ના કલોઝ નં.૬.૪૪ મુજબ "If the meter is burnt due to causes attributable to the consumer such as tampering, defect in consumer's installation, meter getting wet, connecting unauthorized additional load etc., the procedure laid down in clause 6.36 shall be followed with respect to cost of meter. The licensee shall immediately replace the meter and corrective action be taken to avoid further damage to the meter. If cost of meter is not paid by the consumer, the licensee may include such cost in the subsequent energy bill of the consumer.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૩.૯ સપ્લાય કોડના કલોઝ નં.૬.૪૪ ના અનુસંધાને વાદીના ખાતામાં બળેલ મીટરનો ચાર્જ ને તપાસતાં જોવા મળે છે કે વાદીનું મીટર બદલતા સમયે જોડેલ લોડ તેના કરારીત લોડ મુજબનો હતો. વાદીએ કોઈ વધારે લોડનું જોડાણ કરેલ નહી તેમજ મીટર ટેસ્ટીગ લેબોરેટરીમાં મીટરના પરીક્ષણ સમયે મીટર પરના તમામ સીલ સારી સ્થિતીમાં હતા તેમજ ચેકીગ શીટમાં વાદીના ઈન્સ્ટોલેશમાં કોઈ ખામી જણાયેલ નહી.

૩.૧૦ આમ પ્રતિવાદીએ વાદીનાં બળેલ મીટરનો ચાર્જ રૂ.૨૨૭૫/- તેના ખાતામાં ડેબીટ કરતાં સમયે કલોઝ નં.૬.૪૪ માં જણાવેલ કારણોને ધ્યાનમાં લીધેલ નથી, તેથી પ્રતિવાદી વાદી પાસેથી બળેલ મીટરનો ચાર્જ લઈ શકે નહી.

**-:: હુકમ ::-**

- **ઉપરોકત નિરીક્ષણના આધારે હુકમ કરવામાં આવે છે કે પ્રતિવાદીએ વાદી પાસેથી બળેલ મીટરનો ચાર્જ વસુલવો નહી અને તેના ખાતામાં ઉધારેલ રકમને જમા આપવી.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એચ. માવાણી)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.** |

તારીખ :- **૨૧.૧૨.૨૦૧૮**

Grievance Redressal Forum P.G.V.C.L Bhavnagar.